અપીલ અરજી નં.૨૯/૦૮–૦૯ તા. ૧–૫–૦૮

અરજદારઃ શ્રી જીતેન્દ્ર કે. દાળીયા
સામાવાળાઃઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

***હુકમઃ–***

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીતેન્દ્ર કે. દાળીયાની તા.૨૬–૨–૦૮ ની અરજીમાં સર્વે નં.૬૩૭ ટીપી સ્કીમ નં.૧૨ ફા.પ્લોટ નં.૮૯ પર આવેલ ઝૂંપડા ધારણ કરનારનું નામ, ઝૂંપડા નંબર,કર્મચારી (મહાનગરપાલિકા) નંબર કર્મચારીના પે સ્લીપની વિગત માંગતી કરેલી અરજી બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧–૫–૦૮ ની અપીલ અરજી નં.૨૯/૦૮–૦૯

શ્રી જીતેન્દ્ર કે. દાળીયાની તા.૨૬–૨–૦૮ ની અરજીમાં સર્વે નં.૬૩૭ ટીપી સ્કીમ નં.૧૨ ફા.પ્લોટ નં.૮૯ પર આવેલ ઝૂંપડા ધારણ કરનારનું નામ, ઝૂંપડા નંબર, કર્મચારી નંબરઅને કર્મચારીના પે સ્લીપની વિગત માંગતી કરેલી અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૩૦–૩–૦૮ ના રોજ આપેલ અધૂરી માહિતી અંગે અરજદાર તરફથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૫–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૫ તા.૬–૫–૦૮ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પૂરક માહિતી માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી કોઈ માહિતી કે પ્રત્યુતર અત્રેના વિભાગને મળેલ નથી તેમજ ઈન્કાર અંગે કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી.

ઉકત વિષય સંદર્ભે અરજદારને અરજી ફોર્મમાં અપૂરતી વિગતો જેવી કે સ્પર્શતા જાહેર માહિતી અધિકારીની વિગત ખાતાની વિગત અપીલના આધાર અને પૂરાવા અને અપીલ અંગેના કારણો અંગેના વાજબીપણા બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારનો ડી/૨૦૮૫ થી તા.૨૬–૫–૦૮ ના રોજ અત્રે પત્ર મળેલ છે.જેમાં પણ જાહેર માહિતી અધિકારીનું નામ બાબતે પ્રાપ્ય નથી તેવું જણાવે છે. અરજદારે પત્ર ના મુદ્દા નં. ૪ માં જણાવ્યા અનુસાર "તા.૨૮–૩–૦૮ ના રોજ રૂબરૂમાં જતાં માહિતી માટેનો ચાર્જ મૌખિક સ્વરૂપે જણાવેલ છે. જે મુજબ નાણા અમે ભરેલ છે. જયારે નકલ ફી ના રસીદ નં.૪૯૦ તા.૨૮–૩–૦૮ થી રૂ.૨૩૨/– ભરેલ છે. જે અંગેની માહિતી તેઓને તા.૩૦–૩–૦૮ ના રોજ સાંજે ૫.૩૦ કલાકે આપવામાં આવી છે." અરજદારે મુળ અરજી અને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીનો ઉલ્લેખ કરેલ નથી. તેમજ માંગેલ માહિતીનું વિવરણ પણ સ્પષ્ટ નથી.વધુમાં અરજદારે પૂરક પત્રથી મોકલેલ રસીદ નં.૨૭૯૨૫ તા.૨૬–૫–૦૮ થી રૂા.૪૬/– ફી ભરેલ હોવાનું દર્શાવેલ છે.પરંતુ તેના અનુંસંધાને વિશેષ કઈ માહિતી મળી અને કઈ બાકી રહી તેની કોઈ વિગતો સ્પષ્ટ કરેલ નથી.

અરજદારે અપીલ અરજીમાં પ્રતિભાવ અને મળેલ માહિતી અધૂરી છે તેવી રજૂઆત કરી છે. પરંતુ અપીલ અરજી સાથે જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૧૯ (૧) મુજબ સામેલ કરવાની હોય છે જે અરજદારે સામેલ કરેલ નથી. જે અંગે અરજદારને પત્ર પાઠવી વાજબીપણા માંગવામાં આવેલ તેમાં પણ તે માહિતી પૂરી પાડેલ નથી.જેમાં ફકત મુદ્દા નં.૧ ની માહિતી મળી છે અને મુદ્દા નં.૨ ની માહિતી અધૂરી મળેલ છે અને મુદ્દા નં.૩ ની માહિતી મળેલ નથી તેનો ઉલ્લેખ કરેલ છે. અરજદારે માંગેલ કર્મચારી નંબર તેમજ ચાલું વર્ષની પે સ્લીપની માહિતી મહાનગરપાલિકાના જાહેર માહિતી અધિકારી અને એપેલેટ ઓફિસરની વિગત સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે જ. જે સ્વયં જાહેર કરવાની માહિતી હેઠળ વિના માંગે અરજદારને ઉપલબ્ધ થઈ શકે તેમ છે જ. તે અરજદારે મેળવવા પ્રયત્ન કરેલ જણાતો નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે માંગેલ માહિતી પૈકી નહી પૂરી પાડેલ મુદ્દા નં.૨ અને ૩ પૈકીની ઉપલબ્ધ દફતરી વિગતો જરૂર જણાયે આરટીઆઈ એકટની કલમ–૧૧સહિતની કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેરઝોન..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી જીતેન્દ્ર કે. દાળીયા,